# રાજકોટ, ઊના, ખાંભા, ગીર સહિત સૌરાષ્ટ્રમાં મેઘમહેર

## દ્રોણેશ્વર તેમજ મછુન્દ્રી ડેમ ઓવરફ્લો થયા : મોરબીનાં બરવાળામાં ન્હાવા પડેલા બે બાળકોનાં ડૂબી જવાથી મોત

સૌરાષ્ટ્રમાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી સૌરાષ્ટ્રમાં છુટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ઊના, ખાંભા સહિત ગીર પંથકમાં આજે વહેલી સવારથી જ મેઘરાજાએ તોફાની બેટીંગ શરૂ કરી દીધી હતી. રાજકોટના ગોંડલમાં પણ અત્યાર સુધીમાં અઢી ઈંચ વરસાદ પડ્યો હતો. જેના કારણે સમગ્ર પંથકમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. બીજી તરફ મોરબીનાં બરવાળામાં ન્હાવા પડેલા બે બાળકોનાં ડૂબી જવાથી મોત નીપજતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. જૂનાગઢ, ગોંડલ, ધોરાજી, ગીર-સોમનાથ સિહત સમગ્ર સૌરાષ્ટ્રના પંથકોમાં આજે પણ જોરદાર મેઘમેહર ચાલુ રહી હતી. ગીર પંથકમાં પડેલા ભારે વરસાદના કારણે ફરી એકવાર દ્રોણેશ્વર ડેમ છલકાયો હતો. ભારે વરસાદના કારણે નદીઓમાં નવા નીરની આવક થઈ હતી. દ્રોણેશ્વર કોઝવે પર પાણી આવતા ઈટાવાયા, ફાટસર, ખિલાવડ સહિતના ગામોનો રોડ બંધ થઈ ગયો હતો. બીજી તરફ ઉનાની મછુન્દ્રી નદીમાં ધોડાપુર આવતા નદી બે કાંઠે વહેતી થઈ હતી ત્યારે મછુન્દ્ર નદી ઉપરના ઉના ભાવનગર પુલ પર યુવાનો જોખમી છલાંગ લગાવતા જોવા મળ્યાં હતા. ગીર ઉપર વાસમાં ધોધમાર વરસાદના કારણે રાવલ ડેમમાં પાણીની આવક વધી ગઇ હતી. જેથી રાવલ નદી પણ ગાંડીતૂર બનીને વહી રહી હતી. ભારે વરસાદના કારણે અમોદ્રારા અને વાજડી ગામ સંપર્ક વિહોણું બન્યું છે. રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજા દિવસે ધીમીધારે વરસાદનું આગમન થયું હતુ. ગોંડલ, ઉપલેટા, ધોરાજી, મેટોળા જીઆઈડીસી સહિતના વિસ્તારમા ધીમીધારે વરસાદ નોંધાયો હતો. અસહ્ય બફારા બાદ અચાનક પવન સાથે વરસાદનું આગમન થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. આજે વહેલી સવારથી જ ઊનાનાં ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ શરૂ થઈ ગયો હતો. ઉમેજ, કાંધી અને ભાચા સહિતના ગામોમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો. આ સાથે જ કોડીનારનાં ઘાટવડ, નગડલા અને જામવાળા સહિતના ગીરના ગામોમાં વરસાદ પડ્યો હતો. બીજી તરફ સુત્રાપાડાના પ્રાચી, ગાંગેથા, પ્રાસલી, ટીમડી સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. ખાંભા અને ગ્રામ્ય પંથકમાં વહેલી સવારથી જ ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. ખાંભાના ખાડધાર, બોરાળા, ચક્વા, ધૂધવાના, ડેડાણ, ત્રાકુંડા, જામડા અને બારમણ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ગીર પંથકમાં પડી રહેલા વરસાદના પગલે ઉમેજમાં એક મકાન ધરાશાયી થયું હતું, સદનસીબે કોઈ જાનહાની થઈ નથી.

આમ, કાચા મકાનો હોવાના કારણે ચોમાસામાં વરસાદ પડવાનો સિલસિલો યથાવત રહ્યો છે. આ ચોમાસામાં ગામડાઓમાં ૧૨થી વધુ કાચા મકાન ધરાશાયી થયા હોવાની ઘટના નોંધાઈ છે. ગીર પંથકમાં પડેલા ભારે વરસાદના કારણે ફરી એકવાર દ્રોણેશ્વર ડેમ છલકાયો હતો. ભારે વરસાદના કારણે નદીઓમાં નવા નીરની આવક થઈ હતી. દ્રોણેશ્વર કોઝવે પર પાણી આવતા ઈટાવાયા, ફાટસર, ખિલાવડ સહિચના ગામોનો રોડ બંધ થઈ ગયો હતો. બીજી તરફ મોરબીનાં બરવાળામાં તળાવમાં ન્હાવા પડેલા બે બાળકોના ડૂબી જવાથી મોત નીપજયાં હતા, જેને લઈને પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

# ખેડબ્રહ્મા શહેરમાં બાઈક ચોરીનો સીલસીલો યથાવત

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા પંથકમાં હમણાંથી બાઈક ચોરોનો આંતક ખુબ જ વધી ગયો છે. માત્ર એક અઠવાડીયામાં ૬ જેટલા મોટર સાઈકલ ચોરાઈ જતાં મામલો ચર્ચાસ્પદ બન્યો છે. શહેરના પોશ વિસ્તાર ગણાતા વોર્ડ નંબર-૩ની વાસણા રોડ અને આસપાસ સોસાયટીમાં ગત મોડીરાત્રે ચોરોએ ચાર જેટલા બાઈક ચોરવાનો પ્રયાસ કરતા રહીશો જાગી જતા શખ્સો પલાયન થઈ ગયા હતા. પોલીસ બંદોબસ્ત વધારે તો ચોરી પર અંકુશ લાવી શકાય તેમ હોવાનું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે.

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા શહેરમાં બાઈકચોરોનો આતંક વધતો જાય છે. ગત બુધવારે શહેરમાંથી ત્રણ બાઈક ચોરાયા બાદ ચોરતત્વોએ ગત મોડીરાત્રે પણ બાઈક ચોરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. શહેરના વાસણા રોડ પર આવેલી રામેશ્વરનગર સોસાયટીમાંથી ચોરતત્વોએ ચાર જેટલા બાઈક ગેટની બહાર નીકાળ્યા તો ખરા પણ અચાનક રહીશો જાગી જતા તેઓ બાઈક મુકીને પલાયન થઈ ગયા હતા.

સુત્રોએ જણાવ્યુ હતુ કે, ખેડબ્રહ્મા પંથકમાં બાઈકચોરોનો આંતક વધ્યો હોવાથી પોલીસ દ્વારા ચોકી કે પછી બંદોબસ્ત વધારવાની માંગ ઉઠી રહી છે. સમગ્ર મામલે ખેડબ્રહ્મા પીએસઆઈએ જણાવ્યુ હતુ કે, દરેક સોસાયટીમાં સીસીટીવી કેમેરા લગાવવા જોઈએ. આ સિવાય પોલીસ પણ રાત્રે ત્રણ વાગ્યા સુધી ફરતી જ હોય છે. લોકોના મતે ચોર તત્વો રાત્રે ત્રણ વાગ્યા પછી જ આવતા હોવાથી ખેડબ્રહ્મા પોલીસ કોઈ સકારાત્મક પગલાં લઈ હનુમાનજી મંદીર જોડે પોલીસ પોસ્ટ મુકવામાં આવે તો ચોરી પર નિયંત્રણ લાવી શકાય તેમ છે.

## ભિલોડાના મલાસામાં ઠાકુરાની પ્રેમકુંવરબાનું અવસાન પાલખી યાત્રામાં અનેક લોકો જોડાયા

ભિલોડા,તા.૨૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મલાસા ગામના ઠાકુરાની પ્રેમકુંવરબાનું હૃદય રોગના હુમલાથી ૭૫ વર્ષની જૈફ વયે અવસાન થતા પાલખી યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.મલાસા ગામના ઠા.સા. લાલસિંહ ચૌહાણના માતૃશ્રી અને અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય વિષ્ણુંકુંવરબાના સાસુ ટુંકી માંદગી બાદ તા.૨૦/૯/૨૦૧૯ ને શુક્રવારના રોજ અવસાન પામ્યા છે.સ્વ.ઠાકુરાનીની અંતિમ યાત્રા વેળાએ પાલખી યાત્રા નીકળી હતી.રાજપુત સમાજના રીતી રીવાજ મુજબ પાલખી તૈયાર કરાઈ હતી.



**ઉજળેશ્વર બીએડ કોલેજમાં વ્યાખ્યાન યોજાયું**

એસ.વી.ટી. બી.એડ કોલેજ ઉજળેશ્વરમાં ગુરૂવારના રોજ પ્રાંતિજ કોલેજના સંસ્કૃતના વિષયના પ્રો. ડાૅ. કાન્તિભાઈ એસ. પ્રજાપતિ એ "સ્વ ને ઓળખો" વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં રામાયણ અને મહાભારત તેમજ વિવિધ ઉદ્યોગપતિઓ કલાકારો તેમજ ચિંતનકારો જીવનચરિત્રના વિવિધ ઉદાહરણો દ્વારા પોતાનામા રહેલી શકિતનો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે ઉજળેશ્વર કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી એમ.કે. મિર્ઝા કોલેજના આચાર્ય ડાૅ. જશુભાઈ ભરવાડ, ટ્રસ્ટી જાહીદ મિર્ઝા તેમજ કોલેજના તાલીમાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગરના મોતીપુરામાં મહિલાના ગળામાંથી દોરાની તફડંચી

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ એવન સોસાયટી નજીકથી ગુરૂવારે સાંજના સુમારે પસાર થઈ રહેલ એક મહિલાના ગળામાંથી બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ અંદાજે રૂ. ૪૦ હજારની કિંમતના સોનાના દોરાની તફડંચી કરીને ભાગી ગયાની ફરીયાદ હિંમતનગર એ-ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે જશીબેન અશોકભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેણી ગુરૂવારે સાંજે સાત વાગે એવન સોસાયટીના રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે બાઈક પર આવેલા અંદાજે ૩૦ અને ૩૫ વર્ષના બે અજાણ્યા યુવાનોએ જશીબેનના ગળામાં હાથ નાખીને રૂ. ૪૦ હજારની કિંમતના અંદાજે દોઢ તોલાના સોનાના દોરાની તપડંચી કરીને ભાગી ગયા હતા. જે અંગે જશીબેને બુમાબુમ કરવા છતા બાઈક સવારો ભાગી જવામાં સફળ રહ્યા હતા. ત્યારબાદ જશીબેને બંને શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## વક્તાપુરની સંઘવી હાઈસ્કૂલનું ગૌરવ

હિંમતનગર, તા. ૨૧

ખેલ મહાકુંભ અંતર્ગત તાજેતરમાં યોજાયેલી એથ્લેટીક્સ સ્પર્ધામાં વક્તાપુરની સંઘવી કે.કે.કે. કોઠારી હાઈસ્કૂલમાં ભણતા જય રાવલે જિલ્લામાં પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધારતા તેને મંડળ પરિવાર તથા શાળા પરિવાર દ્વારા બિરદાવવામાં આવ્યો હતો.

## ઝુડોની સ્પર્ધામાં રોટરી સરસ્વતિ વિદ્યામંદિર ચેમ્પિયન બની

હિંમતનગર, તા. ૨૧

તાજેતરમાં હિંમતનગર ખાતે યોજાયેલ ખેલ મહાકુંભની ઝુડો રમત સ્પર્ધામાં રોટરી સરસ્વતિ વિદ્યામંદિરની ટીમ ચેમ્પિયન બનતા શાળા પરિવાર દ્વારા અંડર-૧૪ અને અંડર-૧૭માં ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલ પ્રાપ્ત કરવા બદલ બિરદાવવામાં આવ્યા હતા.

ઝુડો સ્પર્ધામાં વસ્તલ પ્રજાપતિ, અનુરાગ જોષી, સુનિલ વાઘેલા, સીમરન ઠાકોર, હરીકા ગોર, ધ્રુવી પટેલ, પ્રાંશુ પટેલ, સૃષ્ટી પટેલની સિદ્ધિઓને પણ બિરદાવાઈ હતી તથા સબજુનિયર ઝુડો સ્પર્ધામાં રોટરી સરસ્વતિ વિદ્યા મંદિરના ખેલાડીઓએ સિલ્વર મેડલ મેળવતા તેમને પણ બિરદાવવામાં આવ્યા હતા.

## વડગામ તાલુકાના ફતેગઢ ગામમાં અસામાજિક તત્વો દ્વારા ગાય ઉપર કરાયો હુમલો

વડગામ તાલુકાના ફતેગઢ ગામમાં હિન્દુ ધર્મમાં પવિત્ર ગણાતી ગાયમાતા ઉપર કોઈ હરામખોર શખ્સ દ્વારા તિક્ષ્ણ હથીયારથી હુમલો કરીને ઈજા પહોંચાડતા ધર્મપ્રેમી જનતામાં રોષ પ્રગટ થવા પામ્યો છે.

ફતેગઢ ગામમાં ફરતી ગાય ઉપર કોઈ હરામખોર તત્વો દ્વારા ગાય ઉપર તિક્ષ્ણ હથીયારથી હુમલો કરતાં ગાયનું શિગંડુ મુળમાંથી કપાઈ જવાથી શિંગોડાના ઘામાં જીવાત પડી જતાં ગાયની દયનીય હાલત બની ગઈ હતી. આ અંગેની જાણ ગામના યુવા જાગૃત સમાજ સેવક પ્રદિપ પરમારને થતાં ગાયને પકડીને તાત્કાલિક છાપી ખાતેથી પશુ મોબાઈલ ટીમને બોલાવીને ગાયની સારવાર કરાવામાં આવી હતી. પશુ તબીબ દ્વારા ગાયના શિગંડામાં પડેલ જીવાતનેદવા લગાવીનેસાફ કરી હતી. આમ ફતેગઢમાં હિન્દુ ધર્મમાં પવિત્ર ગણાતી ગાયમાતા ઉપર થયેલા હુમલાથી ગામમાં તેમજ સમગ્ર વડગામ પંથકના લોકોમાં આક્રોશ ફેલાયો છે. આવા અબોલ પશુઓ ઉપર ક્રુરતાપૂર્વક કરાતાં હુમલા ખોરોને ખુલ્લા પાડીને તેમની સામે કાયદાનો ગાળિયો કસાય તેવી કાર્યવાહી કરવા ધર્મપ્રેમી જનતામાંથી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલ ખાતે કાનૂની શિબિર યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન હાઈસ્કૂલ ખાતે કાનૂનિ શિબિર યોજાઈ હતી.

નામદાર રાષ્ટ્રીય કાનૂની સેવાસત્તા મંડળ દિલ્હી (નાલ્સા) નામદાર ગુજરાત રાજય કાનૂનિ સેવા સત્તા મંડળ હાઈકોર્ટ માહિતી માટેની કાનૂની શિબિર યોજાઈ હતી, જેમાં હિંમતનગર લીગલ સેક્રેટરી જજ એ.એ. વાયડાની મુખ્ય ઉપસ્થિત રહ્યા હતા અને પોસ્કો તથા જાતિ સતામણી આઈટીએકટ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ઉપસ્થિત પ્રિન્સિપાલ પ્રાંતિજના અધ્યક્ષ અને સીવીલ કોર્ટના જજ એસ.કે. ગઢવી તેમજ સેક્રેટરી અમિતાબેન પટેલે માર્ગદર્શન આપ્યું હતું.

આ શિબિર દરમ્યાન પ્રાંતિજના અગ્રણી એડવોકેટ તથા વકીલ બાર એસોસીએશનના પ્રમુખ યોગેશભાઈ રાવલ તથા રાણાભાઈ વકીલ દ્વારા વિવિધ



અમદાવાદના આદેશથી નામદાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ હિંમતનગર અને તાલુકા કાનૂની સેવા સમિતિ પ્રાંતિજના માર્ગદર્શન હેઠળ ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજના ઉપક્રમે અવરઓન હાઈસ્કુલમાં બંધારણ વિશેની સીનીયર સીવીલ જજ એસ.કે. ગઢવી તથા એડીશનલ સિવિલ જજ બી.જી. સોલંકી દ્વારા પણ કાયદાઓ વિષે વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતુ. આ શિબિર યોજવા અંગેનું માર્ગદર્શન તાલુકા કાનૂની સેવા સમિતિ કાયદાઓ વિષે બંધારણનું મહત્વ કાનુની સેવા સમિતિ અને ગ્રાહકદિન સુરક્ષા મંડળના પ્રમુખ અને પેરાલીગન વોલન્ટીયર તથા સામાજિક કાર્યકર નટુભાઈ બારોટ દ્વારા ગ્રાહક સુરક્ષા કાયદા અંગેની સમજ આપી હતી.

## ડીસાના વિશ્વકર્મા મંદિર ખાતે વિશ્વકર્મા જયંતિ ઉજવાઈ

ડીસામાં સ્થિત પાવન વિશ્વકર્મા ભગવનાનનું મંદિર જયઘોષના નાદથી ગુંજી ઉઠ્યું હતું. શ્રદ્ધા જ મારી લઈ ગઈ મને મારી મંઝિલ ઉપર રસ્તો ભૂલી ગયો તો દિશાઓ પણ ફરી ગઈ વર્ષો અગાઉ હાવડા બ્રિજ



બનવાની કામગીરી ચાલુ કરવામાં આવ્યો હતો.પરંતુ ટેકા વગર બનાવવામા આવતો બ્રિજ બનતો જ ના હતો. દરમ્યાન વિશ્વકર્મા વંશજ દ્વારા દાદાનું પૂજન કરવાનું સૂચન કર્યા ભગવાન વિશ્વકર્માની પૂજા કરતા તે બ્રિજની કામગીરી પૂર્ણ થઈ હતી.ત્યારે ૧૭ સપ્ટેમ્બર ભગવાન બ્રામાના માનસપુત્ર શ્રી વિશ્વકર્માના પૂજન દિવસ તરીકે ઉજવવામા આવે છે.

## વડગામ તાલુકાના હરદેવાસણામાં દારૂ બંધ કરાવવા ગ્રામજનો દ્વારા મામલતદારને આવેદનપત્ર આપ્યું

વડગામ, તા. ૨૧

વડગામ તાલુકાના હરદેવાસણા ગામમાં દારૂની બદીએ માઝા મુકતાં ગ્રામજનો પણ દારૂ પીને દારૂડીયા તત્વો દ્વારા જાહેર માર્ગો ઉપર પણ ખુલ્લેઆમ બિભત્સ વર્તન કરતાં હોવાનું પણ ગ્રામજનો દ્વારા જણાવાયું હતુ.



તોબા પોકારી ઊઠયા છે.

છેલ્લા ઘણા સમયથી હરદેવાસણામા બુટલેગરો બેફામ બન્યા છે. જેના કારણે ગામમાં યુવા વર્ગ પણ દારૂની લતે ચડી જતા યુવાધન બરબાદીના પંથે જઈ રહ્યો હોવાના ચોકાવનારા આક્ષેપ હરદેવાસણાના પુર્વ સરપંચ સરદારભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યા હતા. ગામમા દિનદહાડે ગામમા દારૂની બદીને બંધ કરાવવા વડગામ મામલતદાર આર.સી. ઠાકોર તથા વડગામ પોલીસની એસ.આઈ.આર. એમ. મોહનીયાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમા ગામના સરપંચ રણછોડભાઈ પરમાર, પુર્વ સરપંચ સરદારભાઈ ચૌધરી તેમજ ગ્રામજનો વડગામ દોડી આવીને આવેદનપત્ર આપ્યું હતું.

**બાયડ જય અંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમ પહોંચેલી**

## આંધ્રપ્રદેશની માનસિક અસ્વસ્થ મહિલાને પરિવારજનો સાથે મિલન

બાયડ, તા. ૨૧

ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી જીલ્લામાં માનસિક વિકલાંગ મહિલાઓ માટે આશ્રય સ્થાન બનેલા અને બાયડ શહેરમાં છેલ્લા બે વર્ષથી માનવતાની મહેક બનેલા જય અંબે મહિલા મંદબુદ્ધિ આશ્રમમાં અનેક માનસિક વિકલાંગ મહિલાઓને સારવાર આપી પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું છે.

બાયડ જય અંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમના પ્રમુખ અશોક જૈન થોડા દિવસ અગાઉ અમદાવાદ કામકાજ અર્થે નીકળ્યા હતા. દહેગામ નહેરુ ચોકડી નજીક માનસિક વિકલાંગ મહિલા જોવા મળતા ૧૮૧ અભયમ હેલ્પલાઈનની મદદથી બાયડ આશ્રમ ખાતે મોકલી આપી અમદાવાદના મિત્રની મદદથી હૈદરાબાદ રહેતા મિત્ર સાથે સંપર્ક કરી મહિલાના પરિવારજનો સુધી પહોંચવામાં સફળતા મળતા પરિવારજનોને જાણ કરતા આશ્રમ દોડી આવેલા પરિવારજનો સાથે સુખદ મિલન થતા પરિવારજનોની આંખો ભીની થઈ હતી.

આંધ્રપ્રદેશના હૈદરાબાદ ખાતેથી ૪૪ મહિના અગાઉ માનસિક સંતુલન ગુમાવતા એક મહિલા ઘર છોડી નીકળી ગઈ હતી. દહેગામ ખાતે પહોંચેલી મહિલા પર બાયડ આશ્રમના પ્રમુખની નજર પડતા મહિલાને ચા-નાસ્તો કરાવી ૧૮૧ અભયમ હેલ્પલાઈનની મદદથી બાયડ મોકલી આપી હતી.

# ભિલોડા નજીક બે અકસ્માતમાં બે આશાસ્પદ યુવાનોએ જીવ ગુમાવ્યો

ભિલોડા, તા. ૨૧

અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો બેફામ ગતિએ વાહન હંકારતા અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ભિલોડાના કલ્યાણપુર નજીક પસાર થતી સીફ્ટ કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ઝાડ સાથે ભટકાતા કાર ચાલકનું મોત નીપજ્યું હતું. કારમાં સવાર બે યુવાનોના શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અન્ય એક અકસ્માતમાં ધુળેટા ગામ નજીક બાઈકને અડફેટે લેતા એક યુવકનું ઘટનાસ્થળે પ્રાણપંખેરું ઉડી ગયું હતું. એક યુવકના શરીરે ગંભીર ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. અકસ્માતના પગલે દોડી ગયેલી ભિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### સંકલનમાં છવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પછી ગાંધીનગર શહેરમાં રહેણાંક વિસ્તારમાં ચાલતી ગેરકાયદે હોસ્ટેલોના સીલીંગને મુદ્દે બળદેવજી ઠાકોરે તંત્રને બરાબર ઘેર્યુ હતુ. ૨૫ મિનિટથી પણ વધુ સમય સુધી તેમણે તંત્ર પર ભારે તડાપીટ બોલાવી હતી.

બળદેવજી ઠાકોરે કહ્યુ કે ગત સંકલન સમિતિમાં તંત્રએ આ બાબતે આયોજન કરવામાં આવી રહ્યુ છે અને સે. ૧ થી ૩૦ માં આવી હોસ્ટેલ બંધ કરાવશે તેવી ખાત્રી આપી જણાવ્યુ હતુ કે એક સપ્તાહમાં કાર્યવાહી થશે. આજે દુઃખ સાથે કહેવુ પડે છે કે સે. ૨૫માં જ આવુ છે. તંત્રએ અપીલ કરી કહ્યુ કે આવી પ્રવૃત્તિ ધ્યાને આવે તો ફરિયાદ કરવી મેં તે વખતે પણ લેખિતમાં રજુઆત કરી હતી અને આજે પણ એ વાત દોહરાવુ છે કે સે. ૧, ૨, ૬, ૪, ૮ માં આવી પ્રવૃત્તિ સામે તંત્ર કેમ પગલાં લેતુ નથી. કોણે તંત્રના હાથ બાંધ્યા છે ? પગલાં ભેદભાવથી નહિ નિષ્પક્ષતાથી લેવા પડે.

શંભુજી ઠાકોરે પણ આ મુદ્દે રજુઆત કરતાં કહ્યુ હતુ કે ગાંધીનગર નોલેજ કોરીડોર તરીકે ઉભરી રહ્યુ છે ત્યારે હોસ્ટેલની સુવિધા જરૂરી છે. આ બાબતે તંત્રએ યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. તેમણે વિવિધ છાત્રાલયોમાં સુવિધા વધારવાનો આગ્રહ કર્યો હતો.

જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે સમરસ હોસ્ટેલનું નિર્માણ આ વર્ષે કરવાની બજેટમાં જોગવાઈ છે સરકાર પણ હોસ્ટેલ નિર્માણ માટે જમીનની માંગણી આવશે તો ખુલ્લામને વિચારણા કરી યોગ્ય કરશે તેવી વાત કરી છે.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ કહ્યુ હતુ કે ગાંધીનગર શહેરમાં ૪૦ જેટલા વિવિધ સમાજોના ભવનો છે તો તેમાં વિદ્યાર્થીઓને એકો મોડેટ કરવાનો વિકલ્પ તંત્રએ વિચારવો જોઈએ. આ બાબતે બેઠક બોલાવવી જોઈએ પણ આડેધડ કામગીરી કરી સમસ્યાઓ તંત્ર ઉભી ના કરે એ પણ જરૂરી છે.

ઠાકોર અને ડૉ. ચાવડાએ કહ્યુ હતુ કે નવા સેકટરોમાં હોસ્ટેલો ચાલે છે ત્યાં ફાયર સેફ્ટીની સુવિધાઓ છે કે કેમ તેની તપાસ પણ તંત્ર કરવામાં ઉદાસીના દાખવે એ તો હદ કહેવાય.

સર્વે થયો છે તે એક્શન માત્ર એક-બે વિસ્તારમાં જ કેમ સિમીત રીતે કરવામાં આવી રહ્યું છે.

### ગિરફ્તમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં રોજબરોજ ડેન્ગયુના કેસમાં વધારો થઈ રહ્યો છે. સે-૨૬ ની જુની ગ્રીનસીટી સોસાયટીમાં પણ છેલ્લા બે ચાર દિવસથી ડેન્ગયુના રોગચાળાનુ જોર વધ્યુ છે. સોસાયટીના રહીશોના જણાંવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી મચ્છરોનો ઉપદ્રવ એટલી હદે વધી ગયો છે કે રોજબરોજ સોસાયટીના રહીશો રોગચાળામાં સપડાતા હોવાનુ ધ્યાને આવે છે. મચ્છરોને ડામવા આ વિસ્તારમાં યોગ્ય દવા છંટકાવ થાય તે અનિવાર્ય છે નહીંતર આગામી દિવસોમાં રોગચાળો બેકાબુ બને તેવી દહેશત છે. શહેરના સેકટરોમાં મચ્છરોનો ઉપદ્રવ દિનપ્રતિદિન વધી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા જનજાગૃતિની સાથે મચ્છરોને ડામવા માટે પણ વિશેષ પગલા લેવાય તેવી અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

### સંકલન જરૂરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાહેરનામા પ્રસિદ્ધ કરે તે જરૂરી છે.

જિલ્લા કલેક્ટરે શહેરમાં વધતી જતી આ સમસ્યાના ઉકેલ માટે તંત્રને આકરા થવાની પણ સલાહ અને માર્ગદર્શન આપ્યુ હતુ. આ બેઠકમાં મનપા અને પોલીસ તંત્રના તેમજ જિલ્લા તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યોમાં આચારસંહિતા પણ લાગૂ થઈ ચુકી છે. હવે બંને રાજ્યોમાં કોઈ નવી જાહેરાત કરી શકાશે નહીં. મહારાષ્ટ્રમાં ૮.૯ કરોડ મતદાતાઓ અને હરિયાણામાં એક કરોડ ૨૮ લાખ મતદાતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આની સાથે જ રાજ્યમાં આદર્શ આચારસંહિતા લાગૂ કરી દેવામાં આવી છે. મહારાષ્ટ્રમાં ૯મી નવેમ્બર વિધાનસભાની અવધિ પૂર્ણ થઈ રહી છે. અરોડાએ કહ્યું હતું કે, ઈવીએમની ૨૪ કલાક સુરક્ષા માટે કડક સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં ચૂંટણી માટે ૧.૮ લાખ ઈવીએમનો ઉપયોગ કરવામાં આવશે. ચૂંટણી પંચની જાહેરાત અનુસાર ૨૭મી સપ્ટેમ્બરે જાહેરનામુ જારી કરવામાં આવશે અને ચોથી ઓક્ટોબર સુધી ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થશે. જાહેરનામુ જારી થયા બાદ સાત દિવસ સુધી પ્રક્રિયા ચાલશે. ઉમેદવારીપત્ર ભરવાની અંતિમ તારીખના બીજા દિવસે ચૂંટણી અધિકારી ઉમેદવારવારોના ફોર્મની ચકાસણી કરશે. ચકાસણી બાદ બે દિવસનો સમય ઉમેદવારીપત્ર પરત ખેંચવા માટે રહેશે. બીજી બાજુ હરિયાણામાં ૧૪મી વિધાનસભાની ૯૦ સીટો માટે ૨૧મી ઓક્ટોબરે મતદાન યોજાશે. મતગણતરી ૨૪મી ઓક્ટોબર હાથ ધરવામાં આવશે.

### નાગરિકો મુક્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હજાર લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. જેમાંથી ૩૧૦૦ મુક્ત કરી દેવામાં આવ્યા છે. જે પૈકી મોટા ભાગના લોકોને સીઆરપીસીની કલમ ૧૦૭ હેઠળ પકડી લેવામાં આવ્યા હતા. ૨૩૦થી ૨૫૦ વચ્ચેના લોકોને પબ્લિક સેફ્ટી નિયમો હેઠળ પકડી લેવામાં આવ્યા હતા. આમાંથી મોટા ભાગના લોકોને જમ્મુ કાશ્મીરની બહારની જેલમાં શિફ્ટ કરી દેવામાં આવ્યા હતા.જમ્મુ કાશ્મીરમાં સ્થિતીને સામાન્ય બનાવવા માટે જુદા જુદા પગલા છેલ્લા કેટલાક સમયથી લેવામાં આવી રહ્યા છે કટ્ટરપંથીઓને કાબુમાં રાખવામાં આવી રહ્યા છે. ત્રાસવાદીઓ પર પણ સંપૂર્ણ કાબુ લેવામાં તંત્ર સફળ રહ્યુ છે. ત્રાસવાદી હુમલાને રોકવા માટે સેના દ્વારા તમામ જગ્યાએ તકેદારી વધારી દીધી છે. જમ્મુ કાશ્મીરના સ્થાનિક નેતાઓને પણ કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે. જેમાં ફારૂખ , ઓર અબ્દુલ્લા, તેમજ મુક્તિનો સમાવેશ થાય છે.

### ભાજપ-શિવસેના

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે કટિબદ્ધ હતી પરંતુ ૧૨૬ બેઠકો પર ચૂંટણી લડવા માટે રાજી થઈ ગયું છે. સુત્રોના જણાવ્યા અનુસાર ભાજપના ક્વોટામાં ૧૬૨ સીટો જઈ શકે છે. જો કે, અન્ય નાના સહયોગી પાર્ટીઓને પોતાના ખાતામાંથી બેઠકો વહેંચી શકે છે. એકબાજુ દેવેન્દ્ર ફડનવીસે ફરીવાર મુખ્યમંત્રી બનવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે તો કોંગ્રેસ પાર્ટીનું કહેવું છે કે, નાગરિકો ભાજપને સત્તાથી બહાર કરવાની તૈયારીમાં છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ખેડૂતો પરેશાન છે. આત્મહત્યાનો દોર વિકરાળ સ્વરુપ ધારણ કરી ચુક્યું છે. તેઓ સરકાર બદલવાનો ઈંતજાર કરી રહ્યા છે. હરિયાણામાં કાનૂન વ્યવસ્થા બિલકુલ ખતમ થઈ થઈ ગઈ છે. હરિયાણામાં પણ ભાજપને બહારનો રસ્તો બતાવવા લોકો તૈયાર છે.

### મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલુ

સાહેબની સાથે પોતપોતાના નેતાઓને વિકાસ પુરુષ તરીકે પ્રજાલક્ષી ચીતરીને ખુશામત કરવાની હોડ ચાલે છે. મંત્રીઓ કે ઉચ્ચ નેતાઓ સુધી કે સરકાર સુધી સાવ નીચેની પ્રજાનો અવાજ પહોંચતો જ નથી. સમગ્ર સરકારી તંત્ર જ્યારે સરકારની વાહ વાહીમાં લાગી જાય ત્યારે સમજવું કે હવે સરકાર ગુમાવવાનો સમય નજીક આવી રહ્યો છે. આ વાત પક્ષ - વિપક્ષ બન્નેએ યાદ રાખવા જેવી છે. વળી હવે પ્રજા રાષ્ટ્રીય રાજનીતિ અને સ્થાનિક રાજનીતિને જુદી પાડીને સમજતી થઈ છે. લોકસભાની ચૂંટણીના પરિણામો અને વિધાનસભાની ચૂંટણીના પરિણામોમાં પ્રજાની પરિપક્વ માનસિકતા જોવા મળી છે. આ બન્ને પરિણામોની સમીક્ષા જો સત્તાપક્ષ તટસ્થ રીતે કરશે તો જરુર સત્ય સામે આવશે. અને કોંગ્રેસે પણ સમીક્ષા કરીને પ્રજાનો સંકેત સમજીને ખૂબ જ ધૈર્યપૂર્વક, સમજણથી અને નવી નીતિથી વિચારશે તો હજીએ કંઈક તક રહેલી છે. અસ્તુ.

- 9426060601.india@gmail.com